**સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સાબરડેરી, હિંમતનગર.**

સબપોસ્ટ : બોરીયા, નેશનલ હાઇવે નં. ૮, હિંમતનગર, પીન- ૩૮૩૦૦૬

SABAR DAIRY

પીએસપી/એએચ/૨૦૨૬-૨૭ તા. ૧૮.૦૭.૨૦૨૬

# પરિપત્ર નંબર - ૨૭




પ્રતિ,

ચેરમેનશ્રી/ સેક્રેટરીશ્રી,

મહાશયશ્રી,

આથી સંઘ સંયોજિત તમામ દૂધ મંડળીઓને જણાવવાનુકે સંઘ સાથે સંકળાયેલ સાબરકાંઠા તેમજ અરવલ્લી જીલ્લાના પશુપાલકોના પશુઓમાં ગાભણ અવસ્થાના સાતમા માસ પછી જયારે દૂધ દોહન બંધ કરવામાં આવે છે ત્યારથી વિયાણના સમયગાળા સુધીના અંદાજીત બે માસ (વસુકેલ અવસ્થા) દરમિયાન આંચળની બીમારી થવાની શક્યતા ખુબ જ વધુ હોય છે. સદર સમયગાળા દરમિયાન જો આંચળની બીમારી પશુઓમાં લાગી જાય તો તેની અસર આગામી વેતરમાં આંચળ બંધ થઇ જવાથી લઇ આખા વેતરનું દૂધ ઉત્પાદન ઓછું આવવા સુધીના ખરાબ પરિણામો પશુપાલકોએ ભોગવવા પડતા હોય છે. જેના પરિણામે પશુપાલકોને ખુબ જ આર્થિક નુકસાન થાય છે. પશુપાલકોના પશુઓને DRY PERIOD (વસુકેલ સમય) દરમિયાન આંચળની બીમારી ન લાગુ પડે અને પશુપાલકોને આર્થિક નુકસાન ન ભોગવવું પડે તે હેતુથી સંઘ દ્વારા GCMMF VET RAL ૨૦૨૫-૨૭ માંથી દૂધ મંડળીઓની માંગણી મુજબ **આંચળમાં ચઢાવવાની ટ્યુબ CEFTIOFUR 10 ML SYRINGE FOR DRY PERIOD (SPECTRAMAST DC)** ખરીદ કરી સંઘના સોસાયટી સ્ટોર મારફતે નીચે જણાવ્યા મુજબના ભાવે વેચાણથી આપવામાં આવનાર છે.

| વિગત | યુનિટ | બેઝિક ભાવ રૂપિયા | GST રૂપિયા | મંડળી વેચાણ ભાવ રૂપિયા |
|---|---|---|---|---|
| CEFTIOFUR 10 ML SYRINGE FOR DRY PERIOD (SPECTRAMAST DC) | EA | ૨૦૬.૦૦ | ૧૦.૩૦ | ૨૧૬.૩૦ |

**આંચળમાં ચઢાવવાની ટ્યુબનો ઉપયોગ કરવાની રીત :**

**- ગાય વર્ગ માટે ગાભણના સાતમા માસ બાદ (દૂધ છોડ્યા બાદ) અને ભેંસ વર્ગમાં ગાભણના આઠમા માસ બાદ ચારેય આંચળ સાફ કરી પ્રત્યેક આંચળમાં એક એમ કુલ ચાર ટ્યુબ ચઢાવી દેવી. ત્યારબાદ દૂધ કાઢવું નહીં.**

**- વેતર દરમિયાન જો કોઈ એક અથવા બે આંચળમાં બેક્ટેરિયા પડ્યા બાદ આંચળ બંધ થઈ ગયેલ હોય અથવા વેતર દરમિયાન સૂકા બેક્ટેરિયા લાગ્યા બાદ આંચળમાં દૂધ ન આવતું હોય ત્યારે જરૂરિયાત મુજબ (એક કે બે આંચળમાં) ટ્યુબનો ઉપયોગ કરી શકાય.**

સદર પરિપત્ર વ્ય. કમિટિની મિટીંગમાં વંચાણે લઇ સભાસદોને માહિતગાર કરવા નોટિસબોર્ડ પર પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

આભારસહ...

આપનો વિશ્વાસુ,

Sd/

(શ્રી સુભાષચંદ્ર વી. પટેલ)

મેનેજીંગ ડીરેક્ટર,

સાબરડેરી, હિંમતનગર.

નોંધ : સ્થળપ્રત ઉપર મેનેજીંગ ડિરેકટરશ્રીની સહી છે.

નકલ રવાના :

૧. માન. ચેરમેન સાહેબશ્રી, તથા નિયામક મંડળના સભ્યશ્રીઓ તરફ,

૨.તમામ ઇન્ચાર્જશ્રી ( એમ.પી.ઓ/ વેટરનરી/ શીતકેન્દ્રો )

3. ફીલ્ડ સ્ટાફ તમામ ( એમ.પી.ઓ/ વેટરનરી/ શીતકેન્દ્રો )